R.N.I. No. MAHBIL/2020/79181

પ્રકાશ સમીક્ષા

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1924...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૨મું

VOLUME : 06 • ISSUE : 22 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH SEPTEMBER 2026

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




6D 0301
0045
SIL 3 IEC 61508
ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# ॥ મિચ્છા મિ દુક્કડમ્ ॥

વિતેલા વરસમાં જાણતા અજાણતા કોઈ ભુલચૂક થઈ હોય કે મન-વચન અને કાયાથી કોઈના હૃદયને દુ:ખ પહોંચ્યુ હોય તો મોટું મન રાખી ક્ષમા કરજો. અંતઃકરણપૂર્વક મિચ્છા મિ દુક્કડમ્.

**- પ્રકાશ સમીક્ષા સમિતી**

## પ્રકાશ સમીક્ષા હવે વિડીયો મેગેઝીન સ્વરૂપે શરૂ થવા જઈ રહ્યું છે

KDO KONNECT PRAKASH SAMIKSHA

એક શતક એટલે સો વર્ષોથી ક.દ.ઓ. જ્ઞાતિનું લોકપ્રિય મેગેઝીન પ્રકાશ સમીક્ષા સમયની સાથે ચાલતા ચાલતા નવા રૂપરંગ ધારણ કરી રહ્યું છે.

તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬થી પ્રકાશ સમીક્ષા વિડીયા મેગેઝીન સ્વરૂપે આપની સમક્ષ રજુ થશે જે દર મહિનાની ૧૨મી તારીખ તથા ૨૭મી તારીખ, એમ મહિનામાં બે વાર રજુ થશે. સોશીયલ મિડીયાના જમાનામાં પ્રકાશ સમીક્ષા દ્વારા પ્રારંભ થનારા આ નૂતન આયોજનને આપ સૌ વધાવી લેશો એવી આશા છે.

પ્રકાશ વિડિઓ મેગેઝિન પર અપલોડ કરવા માટે વિડિઓઝ વોટ્સએપ નં. 98215 35111 ઉપર અથવા ઈમેઇલ આઈડી **kdokonnect@gmail.com** મોકલી શકો છો.

**- પ્રકાશ સમીક્ષા સમિતી**

## ક.દ.ઓ. સંઘ – મહાજન – મંડળને વિશેષ નિવેદન...

પર્યુષણ મહાપર્વ દરમાયાન આપના સંઘ - મહાજન - મંડળમાં થયેલ ઘીના ચડાવાની વિગત સંઘ - મહાજન - મંડળના નામ તથા સંપર્ક સુત્રના મોબાઈલ નંબર સાથે મોકલવા વિશેષ નિવેદન છે.

**kdoprakash@gmail.com / WhatsApp No. 98215 35111**

**તંત્રી મંડળ : પ્રકાશ સમીક્ષા**

## તપસ્વીઓને વિનમ્ર વિનંતી.

આ ચાતુર્માસમાં તપ દ્વારા જીવનને ઉર્જામય બનાવવા અઠ્ઠાઈ કે તેથી વધુ તપ કરનારા ક.દ.ઓ. જ્ઞાતિજનોએ તેમનું પુરું નામ, ગામ, હાલનું રહેઠાણ, તપની વિગત, ફોટોગ્રાફ સાથે સાથે મોકલવા વિનંતી છે. જે આગામી અંકોમાં પ્રકાશિત કરવામાં આવશે. આપ સૌના સહયોગની આશા રાખીએ છીએ.

**kdoprakash@gmail.com / WhatsApp No. 98215 35111**

**તંત્રી મંડળ : પ્રકાશ સમીક્ષા**

## પર્યુષણ પર્વની ઉજવણીના સમાચારો ફોટોગ્રાફ તથા વિડીઓ મોકલવા વિનમ્ર નિવેદન

બધા મહાજન અને દેરાસર ટ્રસ્ટોને વિનંતી છે કે પર્યુષણ પર્વની ઉજવણીના સમાચાર ફોટોગ્રાફ સાથે પ્રકાશ સમીક્ષામાં મફત પ્રકાશન માટે વહેલી તકે kdoprakash@gmail.com ઉપર મોકલાવે.

**- પ્રકાશ સમીક્ષા સમિતી**

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી



**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કેશરસિંહ આણંદજી ખોના — કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા

તિલકચંદ કુંવરજી લોડાયા — ઍડ. શૈલેશ સનત્ શાહ

શિલ્પાબેન અજાણી — કિરીટ ખેતસી શાહ

ઍડ. કેતન મધુકાંત લોડાયા — જયંત વિશનજી છેડા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૬, અંક : ૨૨, તા. ૨૦-૦૯-૨૦૨૬**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાતની રકમ ભરવા બેંક એકાઉન્ટની વિગત

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાતની રકમ ભરનારાઓએ ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**તંત્રી સ્થાનેથી**

આ અંકના અતિથી સંપાદક તરીકે એડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ)નો લેખ પ્રકાશિત છે.

**– CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150**



# Gen - Z ને ધર્મ સાથે જોડવા માટે પરિવર્તનનો સમય ક્યારે?

ઉત્કૃષ્ટ આત્મબળ સાથે નાની-મોટી તમામ તપસ્યા કરનારા દરેક તપસ્વીને અહોભાવ સાથે વંદન કરી તેમની ભૂરી ભૂરી અનુમોદના, આપ સૌ સુખ શાતામાં હશો.

આપણે બધાએ જૈન કુળમાં જન્મ લીધો છે અને આપણા પુણ્યનો ઉદય થયો હશે ત્યારે જ આવા ઉત્તમ કુળમાં ઉછેર થયો છે. આમ તો જૈનને માત્ર હિન્દુ ધર્મનો ભાગ માનવામાં આવે છે અને જયારે સનાતન તહેવારો બધા હર્ષોઉલ્લાસથી ઉજવીએ છીએ, તો આપણે માત્ર ચાતુર્માસ કે પર્યુષણ પૂરતાજ જૈન કેમ બનીએ છીએ? પરિવર્તન એ સંસારનો નિયમ છે અને આજે આપણો ધર્મ પરિવર્તનના સમયમાંથી પસાર થઈ રહ્યો છે એ વાત બધાને સમજાય છે, પણ સ્વીકારવા કોઈ તૈયાર થતું નથી.

આધુનિક જમાનામાં સમય સાથે કદમ મેળવતા અને ટેકનોલોજીનો ઉપયોગ કરતા આજના Gen-Z, આપણા ધર્મથી વંચિત તો નથી પણ તેમનો ધર્મ કરવાનો માર્ગ અલગ છે, તેમના માપદંડ અલગ છે. તેઓ સવારે પૂજાપાઠ કરે છે તો રાત્રે ડી.જે. પાર્ટી પણ કરે છે. મિત્રો સાથે નયનરમ્ય હિલ સ્ટેશન ઉપર જાય છે તો પરિવાર સાથે સમાજના યાત્રા પ્રવાસમાં પણ જોડાય છે. રવિવારે અનુષ્ઠાન-અભિષેક કરે છે તો મુવી જોવા પણ જાય છે. અને મોડી રાત્રે વાનગી આરોગે છે તો પાંખી અને તિથિ ઉપર ચૌવીહાર પણ કરે છે. પીઝા અને બર્ગર આરોગતા યુવા, ચાતુર્માસમાં કંદમૂળ પણ ત્યાગ કરે છે અને પર્યુષણના ૮ દિવસ લીલોતરીનો ત્યાગ કરી અને કઠોળ ખાવામાં પણ મોઢું બગાડતા નથી. વડીલો સાથે ખુરશી ઉપર બેસી કાર્યક્રમ માણે છે તો સ્ટેટસ કે સ્ટોરી માટે પણ ઉમંગથી જોડાય છે. ફિલ્મોની દુનિયામાં રહેલ આજનો યુવા ઉત્કૃષ્ટ ધાર્મિક જેમિંગમાં પણ જોડાય છે. પાઠશાળામાં રાઈઝીંગ સ્ટારના બાળકોને પ્રોત્સાહન પણ આપે છે. દેરાસર શુદ્ધિકરણમાં પણ જોડાય છે. નકરો પણ લખાવે છે ને ચડાવા પણ લે છે.

ધાર્મિક અનુષ્ઠાનમાં સંખ્યા ઓછી દેખાય છે જયારે સાધર્મિક ભક્તિમાં બધા જોડાય છે. પરંતુ ધાર્મિક કાર્યક્રમમાં કેમ વધુ લોકોને રસ જાગે એ વિચારવું જોઈશે. તેમને દેરાસર કે ઉપાશ્રયમાં ખેંચી લાવવા શું પરિવર્તન લાવવું જોઈએ? ભણતર અને નોકરીના બોજમાં બિલકુલ ધર્મ ભુલાઈ જાય એના કરતા એમને આપણા ધર્મ સાથે જોડી રાખવા શું પરિવર્તન લાવી શકાય ?

આપણી પાસે મિત્રો કે આડોશ-પાડોશમાં હવે અન્ય ધર્મના લોકો વધુ જોવા મળે છે તો પણ આપણા ધર્મની, સંસ્કૃતિની મર્યાદા પણ ઓળંગતા નથી. અન્ય સનાતન મિત્રો સાથે જોડાઇએ તો છીએ પણ જૈન ધર્મની જ્યોત હંમેશા પ્રજવલિત રાખીએ છીએ. તેથી અવનવું શીખતાં યુવાઓ આપણા ધર્મમાં પરિવર્તન જરૂર લાવી રહ્યાં છે. વડીલો અને રૂઢિચુસ્ત વર્ગને સમજાવવું અઘરું છે પણ પરિવર્તન નહીં લાવનાર સમાજ હંમેશા પાછળ રહી ગયો છે એ વાત ભૂલવી નહીં. ધર્મની ગરિમા

અને ગુરુ ભગવંતોનું સન્માન જાળવતા યુવાઓની બીજાના ધર્મમાં રુચિ વધે તે પહેલા આપણે સંકુચિત માનસિકતાથી આગળ જઈ ને ધર્મમાં થોડું પરિવર્તન લાવવાનો સમય ચોક્કસ આવી ગયો છે.

જૈન ધર્મ એ વિજ્ઞાન સાથે જોડાયેલ છે, આપણા ધર્મ જેવો કોઈ ઉત્તમ ધર્મ નથી. બધી ધાર્મિક ક્રિયા અને તપ એ શરીર માટે જડીબુટ્ટી સમાન છે. શાસ્ત્રોમાં લખ્યું છે એ આપણા સારા માટે છે પણ કોઈ ધર્મ ન કરવાવાળાને ધર્મ બોરિંગ લાગે છે. આપણા ધર્મનો જાજરમાન ઈતિહાસ અને સંસ્કૃતિ વાંચીને, સમજીને એ લોકો પણ આપણા ધર્મને અનુસરે છે તો આપણે કેમ પાછળ રહીએ છીએ? હવે તો મૂળ લિપિ કે ગુજરાતી સમજ ના પડે તો અંગ્રેજીમાં પણ અનુવાદ થયેલ છે. અને એ સમજવામાં કેમ રસ પડે એના માટે ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમને પ્રોત્સાહન ખુબ જ જરૂરી છે.

આપણે નાસ્તિક નથી અને આસ્થા અને શ્રદ્ધાને ઠેસ ના પહોંચે તે રીતે આગામી પેઢીને ધર્મ જીવનમાં કેટલો જરૂરી છે તે જણાવી અને એની સાથે જોડવા માટે Gen-Z અને Gen-Alfa ને ભાવે તે ભાણું પીરસવું જોઈએ. મુંબઈ મહાજનની યંગ બ્રિગેડ યંગ તરંગની સફળતા બાદ યુવાનો માટે ધાર્મિક શિબિર ગિરનાર મધ્યે યોજાવા જઈ રહી છે, જે અનુમોદનીય છે. ચાતુર્માસમાં બધા ગામોમાં આવી શિબિરો યોજાઈ રહી હશે જે એમને ધર્મ સાથે જોડવા મહત્વપૂર્ણ કડી સમાન રહેશે.

ધાર્મિક પ્રવૃતિઓ માટે હવે બધા કાર્યક્રમ રવિવારે જ રાખવા પડી રહ્યા છે પણ ધર્મ તો બારે માસ વહેતો પ્રવાહ છે, તેને કોઈ ચોક્કસ સમયમાં બાંધવા કરતા યુવાઓને મનગમતા ધાર્મિક વિષયો સાથે જોડવા માટે રાબેતા મુજબના વ્યાખ્યાનોમાં તેમને સંભળાવવા કરતા એને સમજાવવા ઉદાહરણ સાથે એમના મનમાં ચાલતા અનેક પ્રશ્નોના સમાધાન માટે દર રવિવારે ધર્મસભા કરવી જોઈએ, જરૂર પડ્યે હોલમાં કરવી જોઈએ. જેને દિવસે સમય ન મળે એમના માટે રાત્રે નાઈટ ટોક કરવા જોઈએ. ધર્મ ન કરવાથી નુકશાન કરતા, જે કરો છો એ કરવાના ફાયદાનું માર્કેટિંગ કરવું જોઈએ અને જરૂર પડ્યે સંસ્થાઓએ આગળ આવી આવા પ્રયાસોને વેગ આપવો જોઈએ. ધર્મ તેમના સુધી કેમ પહોંચે તે રીતે પરિવર્તન લાવવાનો સમય આવી ગયો છે. પ્રેક્ટિકલ વિચાર સાથે આગળ વિચારશું તો આ યજ્ઞમાં થોડા યુવાઓ જોડાઈ જશે તો પણ આપણી આહુતિ સફળ થશે.

પુરતું જ્ઞાન ન હોવાના કારણે કે અન્ય લોકો શું કહેશે એ ડરના કારણે પાછળ હટે છે. જ્યારે વિશ્વ વાસનાઓ અને વિકારોથી ઉભરાઈ રહ્યું છે ત્યારે ચાલો સિનેમા જોવા જઈએ કે ચાલો હોટલમાં જઈએ, ઈત્યાદિ વચનો જરૂર સાંભળવા મળતા હશે. ત્યારે ચાલો ધર્મ કરીએ કે જિનાલયે જઈએ અને નકારાત્મક ઉર્જાને દૂર કરવા આપણે અનેક પ્રકારના મનોરંજનના, સંગીતના, સામાજિક કાર્યક્રમો કરીએ છીએ. તો પછી આપણા તીર્થંકરો, આપણા પ્રભુ અને આપણા જૈન ધર્મને સમર્પિત આવા અનોખા કાર્યક્રમો પણ થવા જોઈએ. જેથી ભક્તિમાં નવીનતા આવે, ધર્મમાં યુવાનો જોડાય, અને આપણી જૈન સંસ્કૃતિને નવી પેઢી સુધી એક નવા સ્વરૂપે પહોંચાડીને ધર્મ અને શાસનની ધજા ફરકતી રહે. જિનાજ્ઞા વિરૂધ્ધ કાંઈ લખાયું હોય કે આપની લાગણી દુભાયી હોય તો મારા બે હાથ જોડીને આપની અંતઃકરણ પૂર્વક માફી માંગુ છું...

મિચ્છામી દુક્કડમ...



**એડ. કેતન મધુકાન્ત લોડાયા**

**કોઠારા- ગાંધીધામ**



# કચ્છ દર્શન





(ભાગ : ૭૦)

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

**(ગતાંકથી ચાલુ)**




સ્મૃતિવન-કચ્છનાં ધરતીકંપનો જીવંત દસ્તાવેજ. કચ્છ જિલ્લો પ્રકૃતિ પાસે જુદી જુદી રીતે માર ખાતો આવ્યો છે. વિનાસનાં વાદળોમાં લપટાઈ જાય, માલ-મિલ્કતને અપાર નુકસાન થાય, જીવનહાનીનાં આંકડા ગણ્યા ગણાય નહીં તે છતાં "હી કચ્છી મુડ઼સ ફિરીથી ફિનીક્ષ પંખી જીં માફક ઉભો થિઈ, હિકડ઼ે દુ:સ્વપ્ન કે ભુલી, પ્રગતિ જે પંથ તે નિકરી પેતો..."

સ્મૃતિવન મેમોરિયલ અને મ્યુઝીયમને ૨૦૦૪માં બાંધકામની મંજુરી મળી અને ૨૮ ઓગષ્ટ ૨૦૨૨નાં રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં કરકમલો દ્વારા ધરતીકંપનાં મૃતકજનોની યાદમાં રાષ્ટ્રને સર્મપિત કરાવ્યું.

આ મેમોરિયલ સાયન્સ સેન્ટરની પાસે જ આવેલું છે, તેથી યુ. એસ. પીઝા માંથી ભાવતા ભોજનને ન્યાય આપી, અરજણભાઈએ બસને સ્મૃતિવનનાં પ્રવેશદ્વાર પર ઉભી રખાવી. નીતીનભાઈ પ્રવેશ પત્રિકા લેવા ઉતરી પડ્યા. મુખ્ય મેમોરિયલ સુધી લગભગ ૨ કિ.મી. ચાલવાનું હોવાથી યાત્રિકોએ પોતાની સવારી શરૂ કરી. ફક્ત સોમભાઈ વયસ્યક હોવાથી અહીં વયસ્યક યાત્રિકોની સુવિધા માટે રખાયેલ ગાડીમાં બેસી મેમોરીયલનાં મુખ્ય દ્વાર પર પહોંચ્યા.

સ્મૃતિવન મેમોરીયલ ૨૦૦૧નાં ગોઝારા ધરતીકંપમાં ૧૩૮૦૫ વ્યક્તિઓ જેઓ રામ/અલ્લાહને પ્યારા થઈ ગયા તેમની યાદમાં બનાવી શ્રદ્ધાંજલિ સ્વરૂપે રાષ્ટ્રને સર્મપિત કરવામાં આવ્યું છે.

આ સેન્ટરની પરિકલ્પના જાણીતા આર્કિટેક શ્રી બાલકૃષ્ણ દોશીની છે જેમણે ભુજિયા ડુંગર સાથે આ મેમોરીયલનો સમન્વય સાધ્યો છે.

અહિંના પ્રથમ ખંડમાં દુનિયામાં આવેલા જુદા જુદા સમયે જુદા જુદા પ્રાંતનાં ધરતીકંપોનો ઈતિહાસ અપાયેલ છે. કેટલાક મહત્ત્વનાં ધરતીકંપો વિશે પ્રથમ ખંડમાં મૂકાયેલી માહિતિ ઉપરથી જાણીએ.

**(૧) કેસકેડીયા ધરતીકંપ ૧૭૭૦ :** ઉત્તર અમેરિકામાં પેસેફિક મહાસાગરમાં આવ્યો. દરિયા કિનારે જાપાન સુધી આની અસર રહી અને જંગલના જંગલો પાણીમાં ડુબી ગયા.

**(૨) લિસ્બોન ધરતીકંપ, ૧ નવેમ્બર ૧૭૭૫ :** જેણે પોર્ટગલ પ્રાંતમાં લિસ્બોન શહેરનો સંપૂર્ણ નાશ કર્યો. જંગલમાં વૃક્ષો અથડાવાથી જંગલ બળીને ખાક થઈ ગયા. લગભગ ૫૦,૦૦૦ વ્યક્તિઓ ભડથું બની ગઈ.

આવા અનેક દેશોનાં ધરતીકંપોનો ઈતિહાસ કુદરત પાસે આપણે કેટલા વામણા છીએ તે જાણવા મળે છે.

ઉપર બીજે માળે (૧) અલ્લાહ બંદ, (૨) ભારતીય સમુદ્ર અને તુસનામી ૨૬ ડિસેમ્બર ૨૦૦૪ની વિગતવાર સમજ અપાઈ છે. આ તુસનામીમાં જાલા- સુમાત્રા, ઈન્ડોનેશિયા, સાઉથ એશિયા અને પૂર્વ આફ્રિકામાં પણ લગભગ બધુ મળી ૨,૩૦,૦૦૦ માણસોએ જાન ખોયો હતો.

મને યાદ છે તે વખતે પશ્ચિમના કોઈ શહેર પાસેનાં રીસોર્ટમાં આપણા યુવાઓનું સ્નેહમિલન યોજાયેલું અને તે વહેલું સંકેલી લેવામાં આવ્યું હતું. આપ વાચકોમાંથી કોઈને કોઈ યુવા સમેલનમાં ભાગ લેનારને કે આયોજકોની



સમિતિમાંથી કોઈને એની માહિતી હોય તો મારા વોટ્સએપ નંબર પર મોકલી આપવા વિનંતી.

ઉપર ત્રીજે અને ચોથે માળે ધરતીકંપ કેવીરીતે અવતરણ પામે છે અને તેના લગતા ડેટા આપવામાં આવ્યા છે. પાંચમાં માળે તમે ધરતીકંપ અનુભવી શકો એવો રૂમ બનાવવામાં આવ્યો છે. એ ગોળાકાર રૂમમાં બધાએ રેલીંગ મજબુત પકડી, એક સ્ટેજ પર ઉભા રહેવાનું છે અને તોતીંગ વાઈબ્રેટીંગ મશીન દ્વારા ધરતીકંપ જેવી ધ્રુજારી ઉત્પન કરવામાં આવે છે.

છેલ્લા માળે જુદા જુદા લાઈવ ફોટાઓ દ્વારા કચ્છમાં આવેલ ધરતીકંપોથી થયેલ જાનહાની દર્શાવાઈ છે. અમારા ૨૧ યાત્રિકોમાંથી ફક્ત ૧૨ યાત્રિકોએ ઉપર આવી કૃત્રિમ ધરતીકંપને માણ્યો હતો.

અમે પાછા ફર્યા ત્યારે સાંજની ચા પીવાનો સમય થયો હોવાથી અહીંની કેફેટેરિયા તરફ સૌ વળ્યા અને તિલકભાઈ ચા ના કપ સથે અમારું સ્વાગત કરવા હાજર હતા.

કચ્છ દર્શનનો આ ૭૦મો અંક આપના હાથમાં હશે ત્યારે છેલ્લા ૨૧ વર્ષનો પ્ર.સા. સાથેના માણેલા કેટલાક પ્રસંગો સ્મૃતિવનમાં લટાર મારતાં તાજા થાય છે. એક વક્તા તરીકે કદાચ હું સારું બોલી શકતો પણ લેખક તરીકે મને પ્રોત્સાહન આપનાર હતા, પ્ર.સ.નાં ભૂતપૂર્વ તંત્રી **રાયચંદ રતનશી નાગડા (R.R.)**. લગભગ વર્ષ ૨૦૦૧માં કોઈ કારણોસર ટેમરીંડ લેન, શેરબજારની સામે આવેલ તેમની ઓફિસમાં તેમને મળેલ અને પાસે આવેલી મદ્રાસ કાફે કે છાયા હોટેલમાં કોફી સાથે પીધાનું યાદ છે. મને ત્યારે તેમણે કહ્યું હતું કે ''સોમ વક્તા તરીકે તમને ઘણીવાર સાંભળ્યા છે, તમને કાર્યક્રમોનાં એક અચ્છા સંચાલક તરીકે નિહાળ્યા છે, તો લખવાનું શરૂ કરો. જેવું ફાવે તેવું વિચારીને લખો. એડિટ કરવા, સુધારા કરવા અમે બેઠા છીએ.

વાંચનનો મને પહેલેથી શોખ અને તેથી આ અંકથી વિચાયું કે કવિશ્રી મકરંદ દવેએ કહ્યું છે તેમ **''ગમતાને**


સ્મૃતિ મેમોરીયલમાં આવકાર આપતું કક્ષ


સ્મૃતિ મેમેરીયલમાં ચાલીને જવાનો રસ્તો

**અલ્યા ગુંજે ના ભરીયે, ગમતાનો કરીએ ગુલાલ.''**

૮૩ વર્ષની જિંદગીની રઝડપાટમાં ઘણું શીખવા મળ્યું છે આ અંક આપના કરકમલોમાં હશે ત્યારે ''આર. આર.''ની ૬ઠી પુણ્ય સ્મૃતિ દિને પ્ર.સા.માં મને લખતો કરનાર આર.આર.ની સાથેના સંસ્મરણો તાજા થયા.

ત્યારે સૌ પહેલાં શરૂઆત કરું છું, ગુજરાતી શાયરી ને એક નવો વળાંક આપનાર, આમ તો ઉપનામ ''શુન્ય'' પણ ઘણું બધું ગઝલમાં કહી જાય એવા શુન્ય પાલનપુરીને. જે ૧૯ ડિસેમ્બર ૧૯૨૧માં જન્મ્યા અને ૬૪ વર્ષની ઉંમરે ૧૭ માર્ચ ૧૯૮૭માં પાલનપુર ખાતે અલ્લાહને પ્યારા થયા.

આર. આર.ની છઠી પૂણ્ય સ્મૃતિ દિને સ્વ. શ્રી શૂન્ય પાલનપુરીની અજરાઅમર શાયરીનો એક મિસરો રજુ કરું છું...

## મુખવાસ

**''કંઈ મઝિલ પણ મશહુર હતી,**
**કંઈ રસ્તા પણ બદનામ હતા;**
**જીવનની સમી સાંજે,**
**મારે જખ્મોની યાદી જોવીતી**
**બહુ ઓછાં પાના જોઈ શક્યો,**
**બહુ અંગત અંગત નામ હતા...''**

(વધુ આવતા અંકે...)


૨૦૧૨ની સુનામીમાં મદદ કરતા સ્વયં સેવકો



# સુખી જીવનનું હાર્વર્ડ સૂત્ર



તિલકચંદ કે. લોડાયા-ચેન્નઈ
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

વડિલો માટે થોડા હાર્વર્ડ વિશ્વવિદ્યાલય, અમેરિકાના પાઠ.

આપણે ઘણી વાર માનીએ છીએ કે સુખ માટે પૈસા જોઈએ, સારું ઘર જોઈએ, આરોગ્ય જોઈએ અને જીવનમાં કોઈ મોટી સિદ્ધિ જોઈએ. પરંતુ હાર્વર્ડ યુનિવર્સિટીના અનેક દાયકાઓથી ચાલતા એક પ્રસિદ્ધ અભ્યાસે સુખ વિશે એક ખૂબ જ સરળ, પરંતુ ઊંડું સત્ય સમજાવ્યું છે. સુખી જીવનનું સૌથી મોટું રહસ્ય સંપત્તિમાં નહીં, પરંતુ સારા સંબંધોમાં છે.

હાર્વર્ડનો 'Study of Adult Development' વિશ્વના સૌથી લાંબા સમયથી ચાલતા માનવ-જીવન અભ્યાસોમાંનો એક છે. વર્ષો સુધી લોકોના જીવનને અનુસર્યા પછી એક મુખ્ય સંદેશ સામે આવ્યો. જે લોકો પોતાના જીવનમાં સારા અને ઉષ્માભર્યા સંબંધો જાળવી શક્યા, તેઓ સામાન્ય રીતે વધુ સુખી અને સંતોષી જીવન જીવ્યા. આ વાત આપણા વડીલો માટે ખાસ મહત્વની છે.

નિવૃત્તિ પછી જીવનમાં ઘણો ખાલી સમય આવે છે. બાળકો પોતાની કારકિર્દીમાં વ્યસ્ત થઈ જાય છે. મિત્રો એક પછી એક દૂર થતા જાય છે. શરીર પહેલાં જેટલું સાથ આપતું નથી. ત્યારે મનમાં ક્યારેક પ્રશ્ન ઊભો થાય ''હવે મારા જીવનમાં શું બાકી રહ્યું?'' મારો જવાબ છે, ઘણું બધું! નિવૃત્તિ એટલે જીવનમાંથી નિવૃત્તિ નહીં, તે માત્ર નોકરીમાંથી નિવૃત્તિ છે. સંબંધોમાંથી નિવૃત્તિ નથી. પ્રેમમાંથી નિવૃત્તિ નથી. સમાજ સેવામાંથી નિવૃત્તિ નથી. સર્જનાત્મકતામાંથી નિવૃત્તિ નથી. અને સૌથી અગત્યનું, જીવનના આનંદમાંથી નિવૃત્તિ નથી.

**૧. સંબંધો સાચવો :** હાર્વર્ડનો સૌથી મોટો પાઠ કદાચ આ જ છે. સંબંધો જીવનની સાચી સંપત્તિ છે. બેંક બેલેન્સ ઘટી શકે. મકાનનું મૂલ્ય વધઘટ થઈ શકે. પરંતુ એક સારો મિત્ર, જીવનસાથી, ભાઈ, બહેન કે પડોશી, આપણા જીવનને અંદરથી સમૃદ્ધ બનાવે છે. એટલે ફોન કરો. મિત્રને મળો. જૂના સંબંધોને ફરી જીવંત કરો. કોઈ સાથે ચા પીવો. અને ક્યારેક કારણ વગર પણ કહો ''તમારી યાદ આવી એટલે ફોન કર્યો.'' આ પાંચ શબ્દો કોઈની આખી દિવસની ખુશી બની શકે છે.

**૨. એકલતા અને એકાંત વચ્ચેનો ફરક :** એકલા રહેવું અને એકલતા અનુભવવી એક વાત નથી. એકાંત પસંદગી હોઈ શકે છે; એકલતા પીડા છે. વડીલોએ પોતાને ચાર દિવાલોમાં બંધ ન કરી દેવા જોઈએ. સવારે થોડું ચાલવું, બગીચામાં જવું, મંદિર કે સમાજના કેન્દ્રમાં જવું, મિત્રો સાથે મળવું, વાંચનમંડળમાં જોડાવું, આ બધું જીવનમાં ઊર્જા ભરે છે. આપણે ઉંમર વધારી શકતા નથી, પરંતુ જીવનમાં જીવંતતા ચોક્કસ વધારી શકીએ છીએ.

**૩. શરીરને ચાલતું રાખો :** શરીર કહે ''મને વાપરો, નહીં તો મને જંગ લાગી જશે!'' વય વધે તેમ કસરતનો અર્થ ભારે વ્યાયામ નથી. પોતાની ક્ષમતા પ્રમાણે ચાલવું, યોગ, પ્રાણાયામ, હળવી કસરત, જે અનુકૂળ હોય તે કરવું. શરીર ચાલે તો મન પણ ઘણી વાર સાથે ચાલે છે.

**૪. મનને પણ નિવૃત્ત ન થવા દો :** ઘણા લોકો નોકરીમાંથી નિવૃત્ત થયા પછી મનમાંથી પણ નિવૃત્ત થઈ જાય છે. એવું ન થવા દો. નવું શીખો. નવી ભાષા શીખો. કવિતા લખો. સંગીત સાંભળો કે શીખો. બાગકામ કરો. વાંચો. લખો. નવા લોકોને મળો. ઉંમર મગજની ક્ષમતા નક્કી કરતી નથી; જિજ્ઞાસા કરે છે.

**૫. કોઈની જરૂરિયાત બનો :** વડીલ જીવનમાં સૌથી મોટી પીડા ક્યારેક એ હોય છે કે, ''હવે મારી કોઈને જરૂર નથી.'' પરંતુ આ વિચારને બદલી શકાય. કોઈ બાળકને ભણવામાં મદદ કરો. કોઈ યુવાનને માર્ગદર્શન આપો. કોઈ વૃદ્ધ મિત્રને ફોન કરો. સમાજના કોઈ કાર્યમાં જોડાઓ. તમારો અનુભવ વહેંચો. યાદ રાખો જ્ઞાન ત્યારે જ મૂલ્યવાન બને છે જ્યારે તે બીજા માટે ઉપયોગી બને. આપણે કમાણી કરવાની ઉંમર

પાર કરી હશે; પરંતુ કમાલ કરવાની ઉંમર પાર કરી નથી!

**૬. નાની ખુશીઓને ઓળખો:** સુખ હંમેશાં કોઈ મોટી ઘટનામાં નથી હોતું. સવારની ચા. બાલ્કનીમાં ખીલેલું એક ફૂલ. વરસાદની સુગંધ. પૌત્ર-પૌત્રીનો ફોન. જૂના મિત્રનો સંદેશ. મનગમતું ગીત. સાંજનો સૂર્યાસ્ત. આ બધું જીવનનું નાનું-નાનું ''ડિવિડન્ડ'' છે. જે વ્યક્તિ નાની ખુશીઓનો હિસાબ રાખે છે, તેને જીવન ક્યારેય ગરીબ લાગતું નથી.

**૭. ક્ષમા શીખો :** વય વધે તેમ એક સમજણ આવવી જોઈએ બધા હિસાબો બંધ કરવા માટે જીવન બહુ નાનું છે. કોઈએ દુઃખ આપ્યું હોય તો શક્ય હોય ત્યાં સુધી માફ કરો. માફ કરવાનો અર્થ એ નથી કે સામેની વ્યક્તિ સાચી હતી. તેનો અર્થ એટલો છે ''હું મારા મનને આ ભારથી મુક્ત કરું છું.'' વડીલ જીવનનો સૌથી મોટો વૈભવ કદાચ હળવું મન છે.

**૮. આવતીકાલ માટે કંઈક રાખો :** દરેક સવાર પછી આવતીકાલની રાહ જોવાનું કોઈ કારણ હોવું જોઈએ. આવતા રવિવારે મિત્રોને મળવાનું છે. આવતા અઠવાડિયે પૌત્ર-પૌત્રીને મળવાનું છે. એક પુસ્તક પૂરું કરવાનું છે. એક લેખ લખવાનો છે. બગીચામાં નવો છોડ વાવવાનો છે. કોઈ સેવા કાર્યમાં ભાગ લેવાનો છે. જે વ્યક્તિ પાસે આવતીકાલ માટે કંઈક હોય છે, તે આજે પણ જીવંત રહે છે.

**૯. ''મને શું મળ્યું?'' કરતાં ''હું શું આપી શકું?'':** જીવનના શરૂઆતના વર્ષોમાં આપણે પૂછીએ છીએ ''મને શું મળશે?'' મધ્યવયમાં પૂછીએ છીએ ''મારે શું મેળવવું છે?'' પરંતુ જીવનના ઉત્તરાર્ધમાં એક સુંદર પ્રશ્ન પૂછવો જોઈએ ''હવે હું શું આપી શકું?'' સમય આપી શકીએ. અનુભવ આપી શકીએ. પ્રેમ આપી શકીએ. આશીર્વાદ આપી શકીએ. માર્ગદર્શન આપી શકીએ. અને સૌથી મોટી વાત આપણી હાજરી આપી શકીએ.

અંતે હાર્વર્ડે કદાચ સંશોધન કરીને જે વાત કહી છે, તે આપણા ભારતીય કુટુંબોએ પેઢીઓથી અનુભવેલી છે. માણસ પૈસાથી મોટો નથી બનતો; સંબંધોથી મોટો બને છે. વડીલો પાસે કદાચ યુવાનીનું શરીર નથી, પરંતુ તેમની પાસે એવી સંપત્તિ છે જે યુવાનો પાસે ઘણી વાર નથી હોતી. અનુભવ, સમજણ, સ્મૃતિ અને જીવનનો લાંબો પ્રવાસ. આ સંપત્તિ પોતાના સુધી સીમિત ન રાખીએ. કોઈનો હાથ પકડીએ. કોઈને હસાવીએ. કોઈને સાંભળીએ. કોઈને માફ કરીએ. કોઈને પ્રોત્સાહિત કરીએ. અને રોજ પોતાને કહીએ ''મારું જીવન પૂરું થતું નથી; તે હવે વધુ અર્થપૂર્ણ બનવાનું શરૂ થાય છે.'' કારણ કે નિવૃત્તિ એટલે જીવનમાંથી નિવૃત્તિ નહીં; તે જીવનને પોતાની રીતે ફરીથી જીવવાની તક છે. અને કદાચ સુખનું સૌથી સરળ હાર્વર્ડ સૂત્ર આ જ છે, સારા સંબંધો રાખો.સક્રિય રહો. કોઈના કામમાં આવો. નાની ખુશીઓ માણો અને દરરોજ જીવનનો આભાર માનો.

વડીલપણું જીવનનો અંતિમ અધ્યાય નથી. તે જીવનના સૌથી સુંદર અધ્યાયનું નામ બની શકે છે.

## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**તા. ૨૬/૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ :** શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ આયોજિત સ્નેહ મિલન ૨૦૨૬ - પાંજો મેળાવો સ્થાન-જલગામ.

**તા. ૨૭.૦૯.૨૦૨૬ :** શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ, મુલુંડ- વાર્ષિકોત્સવ તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ બપોરે ૩.૦૦ ક. થી સમૃદ્ધિ હોલ, મુલુંડ, આયોજન- મહિલા વિભાગ.

**તા. ૨/૩/૪ ઓક્ટોબર ૨૦૨૬ :** શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ -કેડીઓ યંગ બ્રિગેડ આયોજિત ગિરનાર અંતરયાત્રા યુવા શિબિર.

**તા. ૦૪.૧૦.૨૦૨૬ :** સુથરી ગામવાસીઓ તથા નિયાણી બેનોનું સ્નેહ મિલન - સુથરી પરીવારનો મેળાવડો, મુંબઇમાં.

**તા. ૨૪/૨૫ ઓક્ટોબર ૨૦૨૬ :** વારાપધર- ભલારા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ.

**તા. ૧૭.૧૧.૨૦૨૬ :** વારાપધરમાં બિરાજમાન લાલકા કુલદેવી શ્રી ચામુંડા માતાજીની પહેડી, વારાપધર.

સાંસ્કૃતિક વારસો

# આપણો સાંસ્કૃતિક વારસો
## પખાવાજ ભાગ ૮



સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭

અબડાસાની પખાવાજની આગવી કલાને દશાઈ નાતનું નજરાણું કહે છે. કારણ કે તેની વિશેષતા માત્ર તાલ પૂરતી નથી. તેમાં ગાયકીની લયકારી, સ્વરનું ભાન અને સ્તવનને જુદી જુદી લય અને ગતિમાં લડાવવાની અદભુત કળા સમાયેલી છે. મૂળ લયમાં ગવાતી પંક્તિને બેવડ (બમણી ગતિ) અને ચોવડ (ચારગણી ગતિ)માં લઈ જવી, છતાં શબ્દોની સ્પષ્ટતા અને તાલની પકડ જાળવી રાખવી, એ આપણી પખાવાજ પરંપરાની આગવી વિશેષતા છે અને તેથી તે અન્ય પ્રાંતના પખાવાજથી જુદી પડે છે.

ગાયક જ્યારે આરોહ-અવરોહ દ્વારા સ્વરની ચડતી-ઉતરતી ગતિ, તેમજ તાન (સ્વરોને ઝડપથી લયબધ્ધ ક્રમમાં ગાવું), મીંડ (સ્વરને ખેંચીને અવાજ તૂટયા વગર બીજા સ્વર સુધી સરકાવવું), મુરકી (ઝડપથી નાનો વળાંક આપી મૂળ સ્વર પર આવી જવું) અને ખટકા (મુખ્ય સ્વરને ગળાની ઝડપી હરકતથી તેની આસપાસના સ્વરોનો સ્પર્શ કરાવી તરત મૂળ સ્વર પર પાછા આવવું) જેવી ગળાની લયકારીથી શબ્દ કે પંક્તિને જુદી જુદી રીતે રજૂ કરે છે. સ્વરોની નીચેથી ઉપર તરફની ગતિ. સ્તવનમાં જ્યારે ભાવ રોમાંચ કે ઉમંગનો હોય ત્યારે આરોહનો ઉપયોગ થાય છે. સ્વરોની ઉપરથી નીચે તરફની ગતિ એટલે અવરોહ. સ્તવનમાં જ્યારે શાંતિ, કરુણતા કે ગંભીરતા દર્શાવવાની હોય ત્યારે અવરોહનો ઉપયોગ થાય છે. પખાવાજ વાદક પણ ગાયકની સાથે તાલ અને લયની સુંદર સંગત કરે છે. ગાયક અને પખાવાજ વચ્ચેની આ જુગલબંધીમાં ઝાંઝના સથવારે સ્તવનના ભાવ, રોમાંચ અને ઊર્જા વધુ ખીલી ઊઠે છે. ગાયક યોગ્ય રીતે લયમાં લડાવીને ફરી સમ (તાલની પહેલી માત્રા/મૂળ પદ) પર આવે ત્યારે શ્રોતાઓના મુખેથી સ્વાભાવિક રીતે વાહ! કે જિયો!ના ઉદગાર નીકળી પડે છે. જો કે આ અસલી જુની પખાવાજની વાત છે. હવે નવી પખાવાજમાં ધીમા ઢાળવાળા અનેક સ્તવનોનો સમાવેશ કરાયો છે.

કચ્છની આ પરંપરામાં કચ્છી લંગાઓની આગવી કચ્છી બાજ પદ્ધતિનો પણ વિશિષ્ટ ફાળો છે. આ લંગા પાસેથી આપણાં ભાઈઓએ તબલા વગાડવાની કળા હસ્તગત કરી છે. પખાવાજના ડાબા તબલા પર હથેળીથી ખુલ્લી થાપીથી વજનદાર અને હૃદયના તાર ઝણઝણાવે તેવો ગુંજતો અવાજ ઊભો કરવો, ઝડપી ગતિમાં પણ તાલની મજબૂતી અને રુઆબ જાળવી રાખવો તથા ભજન, સંતવાણી, સુફી કલામ અને લોકસંગીત સાથે તાલ-લયનો સુંદર સમન્વય કરવો આ કચ્છી બાજની આગવી ઓળખ છે. પખાવાજ, ગાયક અને ઝાંઝની આ સંગત આપણી પખાવાજને આગવો રંગ આપે છે.

આ માટે માત્ર ગાયકી કે પખાવાજ વગાડવાની આવડત પૂરતી નથી; લયનું ઊંડું જ્ઞાન, તાલ પર અડગ પકડ, સ્વરનું ભાન, શ્વાસ પર કાબૂ અને સતત રિયાઝ જરૂરી છે. ગતિ વધવા છતાં સ્તવનના શબ્દો સ્પષ્ટ સંભળાય અને ગાયકની ગળાની લયકારી સાથે પખાવાજ તથા ઝાંઝનું સંતુલન જળવાય, એ મોટી કળા છે. આ જ આપણી પખાવાજની આગવી  પરંપરા છે જે સામાન્ય ભક્તિ સંગીતમાં નથી.  વર્તમાને હિરાચંદભાઈ નાગડા (રાપર), ઉત્તમભાઈ મોમાયા (સાંયરા), ચંદ્રકાંત ખોના જેવા થોડા ભાઈઓ પાસે સારી કળા છે. વયના કારણે અવાજમાં ફરક છે છતાં એમની ગળાની લયકારી વખાણવા લાયક છે.  જુની પેઢીના આ વાહકો જીવન સંધ્યા આરે નિસરણી બનીને ઊભા છે, કોઈ યુવાનીયાઓની વાટ જોઈ રહ્યાં છે કે આ કલા હસ્તગત કરી લે. એમના ગીતોનું દસ્તાવેજીકરણ કરી લેવું જોઈએ જેથી આ કલા નષ્ટ ન થાય અને ભવિષ્યમાં તેના પરથી યુવાનો શીખી શકે. જ્ઞાતિના પખવાજના ચુનંદા ગાયકો, તબલા વાદકો અને ઝાંઝ વાદકોની બેઠકો જ્યાં આપણી વધુ વસતી છે ત્યાં કરવી જોઈએ જેથી આજના યુવા કલાકારો એમાંથી શીખી શકે.

(ક્રમશઃ)

**વનિતા વિશ્વ**

# ક્ષમા વીરસ્ય ભૂષણમ્ઃ સાચી શક્તિ અને આંતરિક મનોબળનું પ્રતીક

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



આપણા શાસ્ત્રોમાં એક ખૂબ જ સુંદર અને અર્થસભર વાક્ય કહેવાયું છે –''ક્ષમા વીરસ્ય ભૂષણમ્'' એટલે કે, ક્ષમા એ વીર માણસનું આભૂષણ છે. સામાન્ય રીતે આપણે ''વીરતા'' કે ''બહાદુરી'' ને શારીરિક તાકાત અથવા કોઈ યુદ્ધ જીતવા સાથે જોડીએ છીએ. પરંતુ સાચી વીરતા શસ્ત્રો ઉઠાવવામાં નહીં, પણ શસ્ત્રો હેઠા મૂકીને સામેવાળી વ્યક્તિને માફ કરી દેવામાં રહેલી છે.

**ક્ષમા એ નબળાઈ નથી, પણ તાકાત છે**

ઘણીવાર સમાજમાં એવું માનવામાં આવે છે કે જે માફ કરે છે તે નબળો છે અથવા ડરી ગયો છે. પરંતુ સત્ય એનાથી તદ્દન વિપરીત છે. બદલો લેવાની ભાવના તો કોઈપણ સામાન્ય માણસમાં હોઈ શકે, પણ જ્યારે તમારી પાસે બદલો લેવાની પૂરી શક્તિ હોય અને છતાં તમે તમારું મન મોટું રાખીને જતું કરો છો, ત્યારે તમે સાચા અર્થમાં શક્તિશાળી સાબિત થાઓ છો. ક્ષમા આપવા માટે અપાર હિંમત અને આંતરિક મનોબળની જરૂર પડે છે.

**સ્ત્રી અને ક્ષમા એક અનોખો સંગમ**

આ વાક્ય જ્યારે આપણે સ્ત્રીઓના સંદર્ભમાં જોઈએ છીએ, ત્યારે તેનો અર્થ વધુ ખીલી ઊઠે છે. સદીઓથી સ્ત્રીઓ પોતાના પરિવાર અને સમાજને એક તાંતણે બાંધી રાખવાનું કામ કરતી આવી છે. આ માટે તે ડગલે ને પગલે ક્ષમા શસ્ત્રનો ઉપયોગ કરે છે. કોઈનો કઠોર સ્વભાવ હોય, પરિવારમાં કોઈ મતભેદ હોય કે પછી કોઈ અણધારી ભૂલ હોય – સ્ત્રીઓ વારંવાર મોટું મન રાખીને માફી આપતી જોવા મળે છે.

એક માતા તરીકે સંતાનોની ભૂલો માફ કરવી, કે એક પત્ની અને વહુ તરીકે સંબંધોની કડવાશને ભૂલી જવી – આ કોઈ નબળાઈ નથી. આ તેમની એવી આંતરિક ''વીરતા'' છે જે આખા પરિવારને તૂટતો બચાવે છે. સ્ત્રીઓનો આ ક્ષમાભાવ જ તેમને સાચા અર્થમાં પરિવારનું સૌથી મજબૂત પાસું બનાવે છે.

**પરંતુ, ક્ષમાનો અર્થ અન્યાય સહન કરવો નથી**

અહીં એ વાત પણ સમજવી જરૂરી છે કે ક્ષમા આપવી એટલે અન્યાય કે અત્યાચાર મૂંગા મોઢે સહન કરતા રહેવું એવો નથી. જ્યારે સામેવાળી વ્યક્તિ પોતાની ભૂલ સ્વીકારે અથવા અજાણતાં કોઈ ભૂલ થઈ હોય, ત્યારે તેને સુધરવાની તક આપવી એટલે ક્ષમા. પરંતુ જ્યારે કોઈ ઈરાદાપૂર્વક તમારું સ્વમાન હણે, ત્યારે તેની સામે અવાજ ઉઠાવવો એ પણ એટલું જ જરૂરી છે. સાચી ક્ષમા ત્યાં જ શોભે છે જ્યાં વ્યક્તિ સ્વમાન સાથે ઊભી હોય.

ક્રોધ અને બદલાની ભાવના માણસને અંદરથી ખલાસ કરી નાખે છે. તે એક એવી આગ છે જે સૌથી પહેલાં તેને જ બાળે છે જેણે તેને પ્રગટાવી હોય. ક્ષમા એ મનની શાંતિનો માર્ગ છે. એટલે જ, જ્યારે પણ જીવનમાં એવો પ્રસંગ આવે કે કોઈને સજા આપવી કે માફી આપવી, ત્યારે માફીનો માર્ગ પસંદ કરજો. કારણ કે, ક્ષમા એ માત્ર સંબંધોને જ નહીં, પણ તમારા પોતાના આત્માને પણ મુક્ત કરે છે. સાચા અર્થમાં ''ક્ષમા'' એ જ આપણા વ્યક્તિત્વનું સૌથી સુંદર ઘરેણું છે.

શું તમે ક્યારેય કોઈને એવી માફી આપી છે જેનાથી તમારા મનનો ભાર હળવો થયો હોય?

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

। પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી । સાચી જરીની સાડીઓ બોર્ડર । જુના સાચા ઘરચોળા । કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)

**આરોગ્ય પ્રકાશ**

# આરોગ્ય વિશે ઉપયોગી માહિતી - ૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



**(૪) તુલસી :** તુલસીના બે પ્રકાર છે સાદી લીલી તુલસી અને બીજી શ્યામ તુલસી જેના પાનનો રંગ સહેજ શ્યામ પડતો લીલો હોય છે. તુલસીમાં ૪૦ જેટલા આરોગ્યદાયી કેમિકલ્સ છે તે અતિ ઉપયોગી હોવાથી આપણા વડીલોએ તેને ધાર્મિક રીતે સાંકળી લીધેલ છે. નિયમિત તુલસીના દશેક પાનનો રસ પીવાથી બળ, તેજ સ્મરણશક્તિ વધે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, પાચનતંત્રની બિમારીમાં લાભ થાય, ખાંસી, તાવ, દમમાં ફાયદો કરે, મલેરીયા મટાડે, મૂત્રપિંડની કાર્યશક્તિ વધારે, કોલેસ્ટ્રોલ ઘટાડે. તુલસી પાન ચાવીને ખાવા નહીં કારણ તે દાંતના ઉપરના પડને નુકશાન કરે છે તેથી તેનો રસ કાઢી કે પાણીમાં ઉકાળીને ઉપયોગ કરવો. તુલસી, આદુ, ફુદીનો, લીલી ચા ઉકાળી સ્વાદિષ્ટ ચા બને છે જે ખૂબ ગુણકારી છે. શરદી, ઉધરસ, કફ કે તાવ માટે તુલસી, મરી, લવિંગ, આદુ કે સૂંઠ તેમજ ૧ અરડૂસીનો પાન નાખી બનાવેલ કાઢો (ડાયાબિટીઝ ન હોય તેણે ગોળ પણ ઉમેરવું) હુંફાળુ દિવસમાં ૩-૪ વખત લેવાથી ખૂબ રાહત મળે છે. સગર્ભા સ્ત્રીઓએ તુલસીનો ઉપયોગ બિલ્કુલ ન કરવો. તુલસી ગરમ હોવાથી સ્ત્રીઓને માસિક ધર્મ જલ્દી આવી શકે તેથી સ્ત્રીઓએ તુલસીનો ઉપયોગ સમજપૂર્વક કરવો.

**(૫) પ્રોટીન વિશેની ગેરસમજ :** આપણને પ્રોટીન વિવિધ દાળ, કઠોળ, અનાજ, દૂધ, શાકભાજી, તલ, શીંગદાણા, નાળિયેર, સોયાબીનમાંથી મળી રહે છે. પ્રમાણસર પ્રોટીન જરૂરી છે પણ જો વધારે પ્રોટીન લેવાય તો ઓસ્ટીઓપોરોસીસ (હાડકામાં કેલશ્યમનું ઘટવું) કીડનીની તકલીફ, પેશાબના માર્ગમાં કેલશ્યમના સ્ટોન (પથરી) અને અમુક કેન્સરની શક્યતા વધી જાય છે. પ્રોટીન વધુ લેવાથી શરીરમાં નાઈટ્રોજન વધુ જાય છે જે કીડનીને ભારી પડે છે અને તે કીડનીની તકલીફ આપી શકે. વધારે પ્રોટીન શરીરમાં સોજા વધારે અને ઓક્સીડેટીવ સ્ટ્રેસ વધારે જે કીડનીના કાર્યમાં દખલ કરે. વધારે પ્રોટીન ખાસ કરીને પ્રાણીજન્ય, નોનવેજ અને દૂધ (દૂધની અન્ય બનાવટો) કોલેસ્ટ્રોલ વધારી શકે. તેથી જ હાર્ટની તકલીફ, કેલશ્યમની પથરી, તેમજ હાઈ કોલેસ્ટ્રોલવાળા દૂધની આઈટમો જેટલી ઓછી લે તેટલું સારું. વનસ્પતિજન્ય પ્રોટીન, જે તલ, સીંગદાણા, નાળિયેર, સોયાબીન, દાળ, કઠોળમાંથી મેળવેલ પ્રોટીન ખાસ તકલીફ આપતા નથી. વધુ પ્રોટીન લેવાથી પેશાબ વાટે કેલશ્યમ શરીરની બહાર વધુ જાય છે તેથી હાડકામાં, દાંતમાં કેલશ્યમ ઓછું થતા હાડકાં, દાંત નબળા થઈ જાય પરિણામે ફ્રેક્ચર, સંધિવાત થવાની શકયતા વધે. મોટી ઉંમરે ખાસ કરીને પ્રોટીનનું પ્રમાણસર હોવું ખૂબ જ જરૂરી છે. તેઓએ વનસ્પતિજન્ય પ્રોટીન લેવા આરોગ્યદાયી, યુરિક એસિડ અને ગાઉટની તકલીફવાળાએ પ્રોટીન મર્યાદિત માત્રામાં લેવું.

પ્રોટીન દિવસમાં કેટલું લેવું જોઈએ? પ્રોટીન શરીરના વજન પ્રમાણે લેવું એટલે કે જો વજન ૬૦ કિલો હોય તો રોજનું ૪૮ ગ્રામ પ્રોટીન લેવું. જો કોઈ નિયમિત કસરત તેમજ આસનો કરતું હોય, વધું ભારે કામ કરતું હોય, ૪૦ થી ૬૫ વર્ષની ઉંમરના હોય, સગર્ભા કે સ્તનપાન કરાવતી સ્ત્રીએ, બિમારીમાંથી બહાર નીકળેલા તબિયત સાજા કરનારે કે મોટી ઈજા થઈ હોય તેમણે વધુ પ્રોટીન લેવું જરૂરી છે, તેમણે 2gm/per kg. પ્રમાણે લેવું. નાના બાળકો જેમના શરીરનો વિકાસ થઈ રહ્યો હોવાથી રોજનું ૭૧ ગ્રામ પ્રોટીન જરૂરી છે. જેને સ્નાયુ કમજોર થવાની બિમારી હોય તેમણે

**નમ્ર નિવેદન :**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

ડૉક્ટરની સલાહ પ્રમાણે વધુ લેવું.

૧૦૦ ગ્રામ દીઠ અડદની દાળમાં ૨૬ ગ્રામ, મસૂરની અને મગની દાળમાં ૨૫ ગ્રામ, તુવેરદાળમાં ૨૩ ગ્રામ પ્રોટીન મળે અર્થાત્ ૧ વાટકી (સહેજ ઘટ્ટ) દાળ જમવામાં આપણે લઈએ તેમાં ૧૦ ગ્રામ પ્રોટીન મળે છે.

એક વાટકી દહીંમાં ૧૨ ગ્રામ પ્રોટીન, ૧ કપ દૂધમાં ૮ ગ્રામ, ચીઝ અને પનીરમાં પ્રોટીન મળે પણ તે ઘરે બનાવેલું જ લેવું, બજારુ ચીઝ પનીર ખતરારૂપ છે. ડ્રાયફ્રુટ્સ્ અખરોટ, પિસ્તા, બદામ, કાજુ, શીંગદાણામાં પ્રોટીન મળે પણ ડ્રાયફ્રુટ પ્રમાણમાં જ ખવાય, વધુ નહીં. કોળાના બી, સૂર્યમુખીના બી, ચીયા બી, અળસી વગેરેમાંથી પણ પ્રોટીન મળી રહે.

**(૬) દાડમ :** દાડમના દાણામાં ૭૮% પાણી, ૧૪.૫% કાર્બોહાઈડ્રેટ, ૧.૭% પ્રોટીન, ૦.૧% ચરબી, કેલશ્યમ, ફોસ્ફરસ, આયર્ન, વિટામીન-બી અને સી હોય છે. એમાંની સાકર સહેલાઈથી પચે તેવી હોય છે. તે નાના-મોટા સૌ માટે પથ્ય છે. તે ત્રિદોષ હરનાર, બળ આપનાર, તરસ, બળતરા ઓછી કરનાર અને ખાધાથી સંતોષ મળે, કોઈપણ પ્રકારના તાવમાં દાડમ આપી શકાય. પાચનતંત્ર પર વધારાનો બોજ પડતો નથી. શરીરને પોષણ, શક્તિ મળે, હૃદયને બળ મળે, ભૂખ લગાડે. લોહીની ઉણપ દૂર કરે. અતિસાર, મરડો, ખાંસીમાં ઉપયોગી. દાડમનો રસ અત્યંત સુપાચ્ય છે. દાડમની છાલ ફેંકી ન દેતા સુકવીને બરણીમાં ભરી રાખો, તેનો નાનો ટુકડો ચુસવાથી સુકી ઉધરસમાં ફાયદો થાય. (સંપૂર્ણ)


SACHI JARI MATE REAL NAM

જ્યોતિ Sarees
Matunga (E)

Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree (SUNDAY CLOSED)

**તા.ક. જુની સાચી જરીની સાડી, ચણીયાચોળી, ઘરચોળા સારા ભાવે લેવામાં આવશે.**


## જૈન યુવાનો - યુવતીઓમાં બદલાતી ધાર્મિક માનસિકતા : પરંપરા અને આધુનિકતાનો પ્રશ્ન




આજના સમયમાં જૈન યુવાનો - યુવતીઓમાં અન્ય પરંપરાઓ અને રીત રિવાજો પ્રત્યે આકર્ષણ વધતું જોવા મળે છે. ખાસ કરીને ગણપતિ સ્થાપના અને ગણપતિ ઉત્સવનો શોખ કેટલાક યુવા - યુવતીઓમાં જોવા મળે છે. ગણપતિનો તહેવાર ઘણી વખત જૈનોના પવિત્ર પર્યુષણ પર્વ દરમિયાન આવે છે. પર્યુષણ પર્વ જૈન ધર્મના આત્મચિંતન, તપ, ક્ષમા અને આત્મશુદ્ધિનો પવિત્ર સમય છે.

આંતરજ્ઞાતિય લગ્ન, બદલાતી જીવનશૈલી અને વિવિધ સંસ્કૃતિઓ સાથેના સંપર્કને કારણે આવું થતું હોવું શક્ય છે. અહીં કોઈની વ્યક્તિગત શ્રદ્ધાની ટીકા કરવાનો હેતુ નથી. પરંતુ જૈન યુવા - યુવતી પોતાની મુળ ધાર્મિક ઓળખ અને પરંપરાને ભૂલી ન જાય તે અંગે વિચાર કરવાની જરૂર છે.

આ સાથે આજના સમયમાં કેટલાક જૈન યુવા યુવતીઓના અનેક પરિવારોમાં કૂતરા તથા બીલાડીઓને પાળવાનો અને ઘરમાં રાખવાનો શોખ પણ વધ્યો છે. જૈન ધર્મનું મૂળ તત્વ જીવદયા અને અહિંસા છે. તેથી પ્રાણીઓ પ્રત્યે કરૂણા રાખવી એ તો જૈન ધર્મની ભાવના સાથે સુસંગત છે. પરંતુ પ્રાણીઓને પાળવા અંગે પણ જૈન ધર્મનાં સિદ્ધાંતો, જવાબદારી અને અહિંસાની ભાવનાને ધ્યાનમાં રાખવી જરૂરી છે. માત્ર શોખ માટે પ્રાણીઓ રાખવા કરતાં તેમની યોગ્ય સંભાળ તેમજ તેમના પ્રત્યે દયા અને જીવને તકલીફ ન થાય તે બાબત વધુ મહત્વની છે.


**- રાયચંદ દેવશી જીવાણી - જખૌ (ડોંબિવલી)**

**મો. : ૮૭૭૯૮ ૭૫૧૦૯**


**-: વિશેષ નોંધ :-**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

DISCIPLINE | DEDICATION | DETERMINATION

# A TRIPLE GRADUATION ACHIEVEMENT

THREE DEGREES. ONE INCREDIBLE JOURNEY.



ONWARDS TO A BRIGHTER TOMORROW

## *Heartiest Congratulations*

# PRISHA DHARAMSHI

*We are immensely proud of you!*

AMITY UNIVERSITY

**B.A. IN ECONOMICS**
Amity University, Delhi
(Online Study)
**CGPA: 9.0 / 10**

Podar World College
Study without Boundaries
Future without Limitations
Podar World College x University of Wolverhampton

**B.A. (Hons.) IN BUSINESS MANAGEMENT**
Podar World College x
University of Wolverhampton
(Affiliated with University of Wolverhampton, UK)
**GPA: 4.0**

YCMOU
Yashwantrao Chavan Maharashtra Open University

**B.Com.**
Yashwantrao Chavan
Maharashtra Open University
**Percentage: 65%**

WPP
A STEP TOWARDS A BRIGHTER TOMORROW

**BEGINNING A NEW PROFESSIONAL CHAPTER**
Selected as an Industrial Trainee at
**Mindshare**
(Part of WPP Media, WPP's global media collective)

## *Dear Daughter,*

Your hard work, determination and perseverance have made this remarkable achievement possible. Completing three degrees in a single year is truly inspiring, and this is only the beginning of a brighter and more fulfilling journey ahead.

May you continue to dream big, learn always, grow endlessly and achieve greater heights in every step of your life. May you be blessed with success, happiness, good health and the strength to turn all your dreams into reality.

With all our love and blessings,

**Pratham, Manisha and Rajesh Dharamshi (Dadar East)**

Sushila Kantilal Dharamshi and Family (Sevak Barudia)

Damyanti Madhukar Lodaya and Family (Daltungi)



॥ ગિરનાર તીર્થના હૃદયસમ્રાટ શ્રી નેમિનાથાય નમો નમઃ ॥
॥ શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્રસાગરસૂરિભ્યો નમઃ ॥
દિવ્યકૃપા- આશિષ :
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિ મ.સા.,
પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરિ મ.સા.
તપોભૂમિ શ્રી ગિરનાર મહાતીર્થે
તપસમ્રાટ પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબની શુકનવંતી નિશ્રામાં
અદ્‌ભૂત... અવિસ્મરણીય... અકલ્પનીય...
ઐતિહાસિક... આરાધનામય ચાતુર્માસિક આરાધનાઓ પરિપૂર્ણ થઈ.
ગચ્છના ગૌરવને વૃદ્ધિવંત કરનાર... ગચ્છની ગરિમાને મહિમાવંત બનાવનાર...
ગચ્છના વિકાસને સમૃદ્ધિવંત બનાવનાર... ગચ્છની અસ્મિતાને ઉદયવંત બનાવનાર...
ચાતુર્માસ - પર્યુષણ
પર્વ દરમ્યાન
બેમિસાલ આરાધના
માસક્ષમણ - ૩
૧૧ ઉપવાસ - ૨
૯ ઉપવાસ - ૬
૮ ઉપવાસ - ૪૨
ચોસઠ પ્રહરી પૌષધ - ૪૧
અચલગચ્છના કોહિનુર હિરલા, અજોડ શાસનપ્રભાવક, દીર્ઘદ્રષ્ટા આચાર્ય ભગવંતને અંતઃકરણપૂર્વક વંદના...
દાતા પરિવારની ઉદારતા, દાતારીને લાખ લાખ સલામ...
પ્રભુભક્તિ,
સાધર્મિક ભક્તિ,
જીવદયા
અનુકંપા દાનના કાર્યો
ચાતુર્માસ દરમ્યાન ઉત્કૃષ્ટ થયા.
સર્વે આરાધકો, કાર્યકર્તાઓની
ભૂરિ ભૂરિ અનુમોદના.
કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની શાનને વૃદ્ધિ કરનાર
શ્રીમતી ગીતાબેન પરેશભાઈ લોડાયા પરિવાર (જખૌ-બેંગલોર)ની ભૂરિ ભૂરિ અનુમોદના...
દાતા પરિવારનો હૃદયોદ્‌ગાર...
ઉત્તમ ગિરિ... ઉત્તમ ગુરૂ... પામીને અમે ધન્ય બની ગયા.
ગિરનાર મહાતીર્થની ધરતી પર નેમિનાથ દાદાની અસીમ કૃપાથી
ગુરૂદેવના પાવન સાનિધ્યમાં આરાધકોએ સત્વ ફોરવીને
જે આત્મહિતકર આરાધનાઓ, તપશ્ચર્યાઓ કરીને
ચાતુર્માસને દેદિપ્યમાન બનાવ્યું
એ જોઈને હૃદય ગદ્‌ગદીત થઈ ગયું, પુલકિત થઈ ગયું...
ચાતુર્માસને ચાર ચાંદ લગાડનાર કાર્યકર્તાની
આખી ટીમે જે રીતે નિઃસ્વાર્થભાવે પોતાની સેવા પ્રદાન કરી
એ નિહાળીને હૈયું આનંદિત થઈ ગયું,
શાસનની સેવા કઈ રીતે થઈ શકે એની નવી દ્રષ્ટી મળી.
આવો ચાતુર્માસ, આવી આરાધના,
આવા સરલ ગુરૂભગવંત,
આવા દરિયાદિલ દાતાર,
આવી વ્યવસ્થા,
આવો આનંદ જોયો નથી...
ને અનુભવ્યો નથી...
ચાતુર્માસ થાય તો આવો થાય...
આરાધકોના હૃદયોદ્‌ગાર...
Chatrumas Nishradata
ચાતુર્માસ નિશ્રા નાયક :
૫૦૦૦ થી અધિક ઉપવાસી તપના તપ પ્રભાવક,
સૂરિમંત્રસાધક, ઇતિહાસસર્જક પ.પૂ.આ.ભ.
શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
ભવ્યાતિભવ્ય જાજરમાન ચાતુર્માસના સંપૂર્ણ પુણ્યવંત લાભાર્થી
શ્રીમતી ગીતાબેન પરેશભાઈ લોડાયા પરિવાર (જખૌ-બેંગલોર)
અનુમોદક - આયોજક : સહભાવ પરિવાર

॥ ગિરનાર તીર્થના હૃદયસમ્રાટ શ્રી નેમિનાથાય નમો નમઃ ॥
॥ શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્રસાગરસૂરિભ્યો નમઃ ॥

દિવ્યકૃપા- આશિષ :
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિ મ.સા.,
પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરિ મ.સા.

## તપોભૂમિ શ્રી ગિરનાર મહાતીર્થે

## તપસમ્રાટ પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબની શુકનવંતી નિશ્રામાં




અદ્‌ભૂત... અવિસ્મરણીય... અકલ્પનીય...

**ઐતિહાસિક... આરાધનામય ચાતુર્માસિક આરાધનાઓ પરિપૂર્ણ થઈ.**

ગચ્છના ગૌરવને વૃદ્ધિવંત કરનાર... ગચ્છની ગરિમાને મહિમાવંત બનાવનાર...
ગચ્છના વિકાસને સમૃદ્ધિવંત બનાવનાર... ગચ્છની અસ્મિતાને ઉદયવંત બનાવનાર...

**ચાતુર્માસ - પર્યુષણ પર્વ દરમ્યાન બેમિસાલ આરાધના**
માસક્ષમણ - ૩
૧૧ ઉપવાસ - ૨
૯ ઉપવાસ - ૬
૮ ઉપવાસ - ૪૨
ચોસઠ પ્રહરી પૌષધ - ૪૧

**અચલગચ્છના કોહિનુર હિરલા, અજોડ શાસનપ્રભાવક, દીર્ઘદ્રષ્ટા આચાર્ય ભગવંતને અંતઃકરણપૂર્વક વંદના...**
દાતા પરિવારની ઉદારતા, દાતારીને લાખ લાખ સલામ...

પ્રભુભક્તિ, સાધર્મિક ભક્તિ, જીવદયા
અનુકંપા દાનના કાર્યો ચાતુર્માસ દરમ્યાન ઉત્કૃષ્ટ થયા.
સર્વે આરાધકો, કાર્યકર્તાઓની ભૂરિ ભૂરિ અનુમોદના.

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની શાનને વૃદ્ધિ કરનાર
**શ્રીમતી ગીતાબેન પરેશભાઈ લોડાયા પરિવાર (જખૌ-બેંગલોર)ની ભૂરિ ભૂરિ અનુમોદના...**

આવો ચાતુર્માસ, આવી આરાધના,
આવા સરલ ગુરૂભગવંત,
આવા દરિયાદિલ દાતાર,
આવી વ્યવસ્થા,
આવો આનંદ જોયો નથી...
ને અનુભવ્યો નથી...
ચાતુર્માસ થાય તો આવો થાય...
**આરાધકોના હૃદયોદ્‌ગાર...**

દાતા પરિવારનો હૃદયોદ્‌ગાર...

**ઉત્તમ ગિરિ... ઉત્તમ ગુરૂ... પામીને અમે ધન્ય બની ગયા.**

ગિરનાર મહાતીર્થની ધરતી પર નેમિનાથ દાદાની અસીમ કૃપાથી
ગુરૂદેવના પાવન સાનિધ્યમાં આરાધકોએ સત્વ ફોરવીને
જે આત્મહિતકર આરાધનાઓ, તપશ્ચર્યાઓ કરીને
ચાતુર્માસને દેદિપ્યમાન બનાવ્યું
એ જોઈને હૃદય ગદ્‌ગદીત થઈ ગયું, પુલકિત થઈ ગયું...
ચાતુર્માસને ચાર ચાંદ લગાડનાર કાર્યકર્તાની
આખી ટીમે જે રીતે નિઃસ્વાર્થભાવે પોતાની સેવા પ્રદાન કરી
એ નિહાળીને હૈયું આનંદિત થઈ ગયું,
શાસનની સેવા કઈ રીતે થઈ શકે એની નવી દ્રષ્ટી મળી.



ચાતુર્માસ નિશ્રા નાયક :
